RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 288* Date: 15.08.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદી લાલ કિલ્લા ઊપરથી તિરંગો ફરકાવશે

# કોરોના મહામારી વચ્ચે દેશ આજે ૭૪મો સ્વાતંત્ર્ય દિવસ ઊજવશે

**મોદી લાલ કિલ્લાની પ્રાચીર પરથી 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' અને એક યુનિક આઈડેંટિટી નંબર જેવી જાહેરાતો કરી શકે છે.**





ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોના સંકટ વચ્ચે દેશ આવતીકાલે ૧૫ ઓગસ્ટે પોતાનો ૭૪મો સ્વતંત્રતા દિવસ મનાવા જઈ રહ્યો છે. દિલ્હીના લાલ કિલ્લાની પ્રાચીરથી વડાપ્રધાન મોદી આવતીકાલે તિરંગો ફરકાવશે. કોરોનાના કારણે આ વખતે સ્વતંત્રતા દિવસ સમારોહમાં અનેક પ્રકારના ફેરફાર કરવામાં આવ્યા છે. ખૂબ જ ઓછા મહેમાનોને બોલાવવામાં આવ્યા છે. જ્યારે જવાનો પીપીઈ કિટ પહેરીને જવાનો તૈનાત રહેશે.

આ વખતે સમારોહમાં માત્ર નેશનલ કેડેટ કોરના ૫૦૦ બાળકો સામેલ થશે. આ બાળકોમાં દર દરેક વચ્ચે ૬ ફૂટનું અંતર રહેશે. પહેલા દર ૧૫-ઓગસ્ટે સ્કૂલના બાળકોનો આકર્ષણનું કેન્દ્ર બનતા હતા. દરવર્ષે લગભગ ૩૫૦૦ સ્કૂલના બાળકો હાજર રહેતા હતા. જેમને વડાપ્રધાન સાથે હાથ મિલાવવાની તક પણ મળતી હતી.

કોરોનાના પગલે તકેદારીના ભાગરૂપે આ વખતે સમારોહ માટે ઓપન પાસ ઈસ્યૂ નથી કરવામાં આવી રહ્યાં. આથી આ વખતે પણ લાલ કિલ્લાની પ્રાચીરની બન્ને તરફ માત્ર ૧૫૦ મહેમાનો હશે. પહેલા દરવર્ષે આવા મહેમાનોની સંખ્યા ૩૦૦ થી ૫૦૦ રહેતી હતા. હવે અનેક વીઆઈપી પ્રાચીરની સામે ફૉરગ્રાઉન્ડ પર ખુરશીઓમાં બેઠેલા જોવા મળશે. કુલ મહેમાનોની સંખ્યા ૨૦૦૦ની આસપાસ રાખવામાં આવી છે.

પીએમ મોદીને સેનાની ત્રણેય પાંખના જવાનો ગાર્ડ ઑફ ઑનર આપશે. જેમાં અંદાજે ૨૨ જવાનો અને અધિકારી હશે. જ્યારે રાષ્ટ્રીય સેલ્યૂટમાં ૩૨ જવાન અને ઓફિસર હશે. આ સાથે દિલ્હી પોલીસના કર્મચારીઓ પણ હશે. કોરોના પ્રોટોકોલના કારણે આ જવાન ૪ લાઈનોમાં ઉભા રહેશે અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરશે.

આ વખતે સમારોહમાં કોરોના વૉરિયર્સ પણ સામેલ થશે. એવી ચર્ચા છે કે, કોરોના વૉરિયર્સમાં દિલ્હી પોલીસના ૨૦૦ જવાનો, અર્ધ સૈનિક દળોના જવાનો અને સ્વાસ્થ્ય કર્મચારીઓ પણ ભાગ લઈ શકે છે. કોરોનાથી રિકવર થઈ ચૂકેલા કેટલા લોકોને પણ બોલાવવામાં આવે તેવી શક્યતા છે. કોરોનાના ખતરાને જોતા આ વખતે સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ કરવામાં આવી રહ્યાં છે.

આ દરમિયાન રક્ષા મંત્રાલયે લાલ કિલ્લા પર ધ્વજારોહણની દોરીને હેન્ડલ કરનારી સૈન્ય મહિલા ઓફિસરનો કોરોના ટેસ્ટ કરાવ્યો છે. વડાપ્રધાન મોદીની સુરક્ષાને જોતા મહિલા સૈન્ય અધિકારીનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. ૧૫ ઓગસ્ટે વડાપ્રધાન જ્યારે ધ્વજારોહણ કરશે, ત્યારે તેઓ એજ દોરીને પકડશે. જેને સૌથી પહેલા મહિલા સૈન્ય ઓફિસર હેન્ડલ કરશે.

મળતી માહિતી મુજબ પીએમ મોદી લાલ કિલ્લા પરથી નેશનલ ડિજિટલ હેલ્થ મિશન શરુ કરવાની જાહેરાત કરી શકે છે. મનાઈ રહ્યું છે કે આયુષ્માન ભારત જેવી આ યોજના અંતરિયાળ વિસ્તારોમાં રહેનારા લોકો માટે લાભદાયક નિવડશે. કોરોનાને કારણે પીએમના ભાષણોમાં હેલ્થ પર વધારે ભાર મુકાઈ રહ્યો છે. પીએમ વધુ એક યુનિક આઈડેન્ટિટી નંબરની જાહેરાત કરી શકે છે. આ યોજના હેઠળ ૪ બાબતો પર ફોકસ કરવામાં આવશે. સ્વાસ્થ્ય આઈડી કાર્ડ, પર્સનલ હેલ્થ રિકોર્ડ, ડિજી ડૉક્ટર અને હેલ્થ ફેસિલિટીનો રિકોર્ડ. પછીથી આ મિશનમાં ટેલી મેડિસિન અને ઈ ફાર્મેસીની સેવાઓને જોડવામાં આવશે. આ માટે ગાઈડલાઈન તૈયાર કરવામાં આવી રહી છે. દેશમાં તબક્કાવાર રીતે એનડીએચએમ યોજના લાગુ કરવામાં આવશે. શરૂઆતમાં કેટલાંક પસંદગીના રાજ્યોમાં લાગૂ કરવામાં આવશે. નાણાં મંત્રાલયે આ પ્રસ્તાવિત યોજના માટે ૪૭૦ કરોડ રૂપિયાની મંજૂરી આપી દીધી છે.

### કોરોના કેસોનો કુલ આંકડો ૨૪.૬૧ લાખને પાર, મૃત્યુઆંક ૪૮ હજારથી વધુ

# કોરોના સંકટ: ૨૪ કલાકમાં ૬૪,૫૫૩ પોઝિટિવ કેસ, ૧૦૦૭ના મોત



**કોરોના પોઝિટિવ એક્ટિવ કેસમાં ભારત બીજા ક્રમે, રિક્વરી રેટ વધીને ૭૦.૩૮ ટકાએ પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૧૪

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૫ લાખ નજીક પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૪૫૫૩ કેસ નોંધાતા કુલ કેસ ૨૪૬૧૧૯૦ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરીને ૭૦.૩૮ ટકા થઈ ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૫૭૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૭૫૧૫૫૫ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૪૮૦૪૦ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૬૧૫૯૫ એક્ટિવ કેસ છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૫૬૦૧૨૬ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૯૦૬૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૩૨૦૩૫૫ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૩૯૭ લોકો કાળનો કોળિયો બની ગયા છે. કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશ આ યાદીમાં ત્રીજા સ્થાન પર પહોંચી ગયું છે. આંધ્ર પ્રદેશમાં ૨૬૪૧૪૨ કેસ નોંધાયા છે જ્યારે ૨૩૭૮ લોકો મોતને ભેટ્યા છે.

ત્યારબાદ કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૨૦૩૨૦૦ કેસ નોંધાયા છે જ્યારે ૩૫૧૦ લોકોના મોત થયા છે. ત્યારબાદ પાંચમાં સ્થાન પર દિલ્હીમાં ૧૪૯૪૬૦ કેસ નોંધાયા છે જ્યારે ૪૧૬૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ ૧૪૦૭૭૫ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે જ્યારે ૧૦૭૩૨૩ કેસ સાથે પશ્ચિમ બંગાળ સાતમાં ક્રમાંક પર છે. જ્યારે બિહાર આ યાદીમાં આઠમાં ક્રમ પર છે જ્યાં ૯૪૧૯૩ લોકો સંક્રમણમાં આવ્યા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૦૯૦૪૯૩૪ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૭૫૫૫૭૩ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૨૯૯૨૦૫૧ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૧૫૭૩૧૦ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા: ૧૦૮૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૬૫૬૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૫

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૦૮૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૫૯૬૨૨

### મધ્યમવર્ગીય પરિવારને પણ સારવાર માટે વાર્ષિક ૫ લાખનું હેલ્થ કવર મળશે

# કેન્દ્ર સરકારની મધ્યમવર્ગને મોટી ભેટ: આયુષ્યમાન ભારત યોજનામાં સમાવેશ કરાયો




ન્યુ દિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકારે હેલ્થ ક્ષેત્રે દેશના મધ્યમવર્ગને એક મોટી ભેટ આપી છે. સરકારે આયુષ્યમાન ભારત યોજનામાં હવે મધ્યમવર્ગીય પરિવારોને પણ સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. હવે મધ્યમવર્ગીય પરિવારને પણ સારવાર માટે વાર્ષિક ૫ લાખ રૂપિયાનું હેલ્થ કવર મળશે. અગાઉ ફક્ત ગરીબ વર્ગ માટે જ આ યોજના લાગુ હતી. પણ હવે મિડલ ક્લાસ લોકો પણ આયુષ્યમાન ભારત યોજના દ્વારા પોતાની સારવાર કરાવી શકશે.

આ ઉપરાંત સરકારે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ પોતાની તમામ સ્વાસ્થ્ય વીમા યોજનાઓને એકીકૃત કરવાનો નિર્ણય કર્યો છે. આ યોજનાને દેશભરમાં લાગુ કરનાર સંસ્થા નેશનલ હેલ્થ ઓથોરિટીની ગવર્નિંગ કાઉન્સિલે દેશભરમાં આ માટે મંજૂરી આપી દીધી છે. જેથી આ યોજનાથી મિડલ ક્લાસને ફાયદો મળી શકે.

હાલ આ યોજના પાયલટ પ્રોજેક્ટ પર શરૂ થશે, જેથી સમજી શકાય કે આ યોજનાને પ્રભાવી રીતે લાગુ કરવા માટે કેવા પગલાંઓ ભરવા પડશે. હાલ આયુષ્યમાન ભારત યોજનાનો લાભ દેશનાં ૧૦.૭ કરોડ પરિવારનાં ૫૪ કરોડ લોકો ઉઠાવી રહ્યા છે.

આ યોજના હેઠળ હોસ્પિટલોમાં પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર મફતમાં થાય છે. નેશનલ હેલ્થ ઓથોરિટીએ કહ્યું કે, આ યોજનાનો વિસ્તાર કરવાથી સૌથી વધારે ફાયદો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનાર લોકોને થશે, જે લોકો અત્યાર સુધી કોઈપણ હેલ્થ ઈન્શ્યોરન્સ સ્કીમથી દૂર હતા. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનાર લોકો ઉપરાંત આ યોજનાથી સ્વરોજગાર કરનાર, એમએસએમઈ સેક્ટરમાં કામ કરનાર અને મધ્યમવર્ગીય ખેડૂતોને પણ ફાયદો થશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને કહ્યું કે, નેશનલ હેલ્થ ઓથોરિટીના ગવર્નિંહ બોર્ડે ભારત સરકારનાં વિભિન્ન મંત્રાલયો દ્વારા ચલાવવામાં આવતી સ્વાસ્થ્ય યોજનાઓને આયુષ્યમાન ભારત યોજનામાં એકીકૃત કરવાની મંજૂરી આપી દીધી છે. તેનાથી સરકારી અને પ્રાઈવેટ ક્ષેત્રમાં કોન્ટ્રાક્ટ પર કામ કરનાર લોકો, કન્સ્ટ્રક્શન કાર્યના લોકો, સેન્ટ્રલ આર્મ્ડ ફોર્સનાં જવાનો અને માર્ગ અકસ્માતનો શિકાર બનેલ લોકોને સારવાર ફાયદો થશે.

### ઉલ્ટા ચોર કોટવાલ કો દાંટે

# ગલવાન હિંસા માટે ચીન નહીં ભારત જવાબદાર: ચીની રાજદૂત

બેઈજિંગ,તા.૧૪

ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ગાલવાન ખીણમાં બંને દેશોના સૈનિકો વચ્ચે બે મહિના પહેલાં હિંસક ઝઘડા પછી વાટાઘાટોના અનેક તબક્કા થયા છે. પરંતુ આ સંબંધ સામાન્ય નથી. દરમિયાન, ચીને ૧૫ જૂને હિંસક અથડામણમાં માર્યા ગયેલા ૨૦ ભારતીય જવાનોના મામલામાં સઘન તપાસ કરવા જણાવ્યું છે.

ચીન વતી ભારતમાં ચીની દૂતાવાસ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા માસિક સામયિક, ચાઈના-ઈન્ડિયા રિવ્યુના જુલાઈના અંકમાં એવું કહેવામાં આવ્યું છે કે ૧૫ જૂને, ભારતે ગાલવાનમાં સંઘર્ષ દરમિયાન માર્યા ગયેલા ૨૦ ભારતીય સૈનિકોના મામલામાં સંપૂર્ણ તપાસ કરવી જોઈએ. સામયિકે જણાવ્યું હતું કે ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ તેમના ભારતીય સમકક્ષ વિદેશ પ્રધાન એસ જયશંકરને પણ આ અંગે વિનંતી કરી હતી જ્યારે બંને નેતાઓએ ૧૭ જૂને ફોન પર વાત કરી હતી. વાતચીત દરમિયાન ચીને 'ઉલ્લંઘન કરનારાઓને પકડવા' અને 'સરહદ પર (ભારતીય) સૈન્યને સખત શિસ્તમાં રહેવા તેમજ સંઘર્ષ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. સામયિક અનુસાર, ચીન વતી એવું કહેવામાં આવ્યું હતું કે અમે ભારતીય પક્ષને સમગ્ર મામલાની તપાસ કરવા, ઉલ્લંઘન કરનારાઓને જવાબદાર ઠેરવવાની સાથે સરહદ પર ફરજ નિભાવતા સૈનિકોને સખત શિસ્તનું પાલન કરવા માટે ભારતને સલાહ આપી છે. આ સાથે તમામ ભડકાઉકૃત્યો બંધ કરવા જણાવ્યું છે. આમ ચોર કોટવાળને દંડે એમ ચીને દોષનો ટોપલો ભારત પર ઢોળ્યો છે. ગલવાનની હિંસામાં ભારતને જવાબદાર ગણી સરકારને સલાહ આપી છે કે જવાબદાર સૈનિકો સામે કાર્યવાહી કરો. આ હિંસક ઝડપમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા છે.વળી, ચીની દૂતાવાસે જાહેર કરેલા જુલાઈના અંકમાં એ પણ જણાવ્યું છે "દરેક સંબંધોમાં પરિસ્થિતિ ઉપર અને નીચે જાય છે, તાજેતરના સરહદ વિવાદને કારણે ભારત અને ચીન વચ્ચેના સંબંધો બગડવા ન જોઈએ." બંને દેશોના વડાઓએ જે વિઝન રાખ્યું છે તેઓએ તે પર આગળ વધવું જોઈએ. કોરોના સંકટ વચ્ચે મે મહિનામાં થયેલા વિવાદ પછી જૂન મહિનામાં બંને દેશોની સૈન્ય વચ્ચે ગેલવાન ખીણમાં હિંસક અથડામણ થઈ હતી, જેમાં ભારતીય સેનાના ૨૦ જવાન શહીદ થયા હતા. આ ઘટના પછી, બંને દેશોમાં તણાવ વધ્યો, હજારો સૈનિકો સરહદ પર તૈનાત થયા.

**૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગુજરાતી ન્યુઝ પેપર 'ન્યુઝ ઓફ ગાંધીનગર' કાર્યાલય રજા પાળશે જેને કારણે ૧૬ ઓગસ્ટનો અંક પ્રસિધ્ધ થશે નહી જેની સર્વે વાચક મિત્રોએ નોંધ લેવી.**

## તંત્રી સ્થાનેથી...

### એક સમયે માત્ર સેવા ગણાતુ રાજકીય ક્ષેત્ર આજના સમયે ધંધાદારી બની ગયું છે કે શું.....?

એક તરફ રશિયાએ કોરોના નાથવા દવાની રસી શોધી કાઢી તેનો ઉપયોગ શરૂ કરી દીધો છે. તો ભારતમાં ગુજરાત ખાતે પણ કોરોના મારક ×રેમડેક× અને ×ટીએમ× દવા એક કંપનીએ લોન્ચ કરી દીધી છે. જે દવા ઈન્જેક્શન રૂપે છે. આ કંપની શરૂઆતના તબક્કે સરકારી અને ખાનગી હોસ્પિટલોને આ દવા આપનાર છે. પછીથી ટૂંક સમયમાં માર્કેટમાં મળતી થઈ શકશે. ગુજરાતની દવા ઉત્પાદન ક્ષેત્રની નામી કંપની ખૂબ ઝડપથી વધુ પ્રમાણમાં દવાનુ ઉત્પાદન વધે તેવા પ્રયત્નોમાં છે. દરમિયાન ભારતમાં કોરોનાની ઝડપ હવાઈ ઝડપ બની રહી છે. ભારતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૨૫ લાખની પાર કરવા તરફ આગળ વધી રહી છે. ત્યારે કુલ મૃતાક ૪૮,૩૦૦ ઉપર પહોંચી ગયો છે. જ્યારે દેશમાં કોરોનાની દવા મળવાની રાહ જોતા લાખો લોકોમાં ખુશી ફરી વળી છે. ભારતમાં કોરોનાની અસર રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગસ્ટ ઉપર પણ થવા પામી છે.છેલ્લા ઘણા વરસોથી નાના મોટા ત્રિરંગા ઝંડાનું વિતરણ કરતા ગરીબ, મજૂર વર્ગ ઓછી સંખ્યામાં ઝંડા વિતરણ કરતા જોવા મળી રહ્યા છે. તો આવા ઝંડા ખરીદનારાઓની સંખ્યા પણ ઘટી છે. બીજી અસર શાળાઓ પર થઈ છે... કારણ શાળાઓ શરૂ થઈ નથી એટલે વિદ્યાર્થીઓ ઘરમાં જ પુરાયેલા છે નહીં તો દેશ ભરમાં આઝાદી દિવસના બે દિવસ અગાઉ વિદ્યાર્થીઓના ત્રિરંગા ઝંડા અને રાષ્ટ્રીય સુત્રોના બેનરો સાથે વંદે માતરમ્, જય હિંદ સહિતના સુત્રો પોકારતા સરઘસો જે તે તમામ વિસ્તારો ગજાવતા નીકળતા હતા. અને આમ પ્રજામાં ચેતના જગાવી દેતા હતા. પરિણામે દેશભરમાં અનેકો તિરંગા ખરીદી પોતાના ઘરે તથા વાહનો પર ફરકાવીને ૧૫ ઓગસ્ટ આઝાદીની ખુશી વ્યક્ત કરતા હતા. પરંતુ એ આઝાદીની ખુશીને લોકોના ચહેરા પરથી ગાયબ થઈ જવા પામી છે... જોકે આમ પ્રજાના રાષ્ટ્રીય પ્રેમમાં કોઈ કમી નથી આવી..... પરંતુ લોકો સરકાર તરફ નફરત વ્યક્ત કરી રહ્યા છે અને તે પણ આકરી ભાષામાં... આજે પણ કરોડો લોકો રોજગારી મેળવવા દોડી રહ્યા છે.... પરંતુ રોજગારી મળતી નથી. તો ઉદ્યોગો- નોકરીના સ્થળો સહિતના અનેક એકમો બંધ જેવી હાલતમાં છે અથવા અટકી પડ્યા છે.અનેક ઉત્પાદનો પણ અટકી અટકી ગયા છે. જેના થકી બજારો ઉજળા રહેતા હતા તે સામાન્ય વર્ગના- કોમન મેનના ખીસ્સામાં પૈસાનો અભાવ છે. અને સરકારે પણ સામાન્ય વર્ગ ઉપર ધનપતિઓની જેમ આર્થિક લાભો આપ્યા નથી કે ધનપતિઓને આપેલ આર્થિક માફીની જેમ શિક્ષણ ફી, વીજળી બિલ માફ કર્યા નથી..... છતાંય લોકો ૧૫ મી ઓગસ્ટ ખરા હૃદયથી શોબાજી કર્યા વગર ઉજવશે જરૂર..... પરંતુ તેમાં લોકોના ચહેરા પર ફિકાશ હશે.....!"

દેશમાં તાજેતરમાં રાજકીય ક્ષેત્રે જે તે સરકારને પાડી દેવાની કે પછી ધારાસભ્યોને રાજીનામા અપાવીને પોતાનાને જીતાડવાની પ્રવૃતી શરૂ થઈ ગઈ છે ટૂંકમાં પાટલી બદલી પ્રણાલી શરૂ થઈ ગઈ છે અને એક પણ વિરોધ પક્ષને માં એક છૂટ થઈને તેની સામે અવાજ ઉઠાવતા નથી.... રાજસ્થાનના મુખ્યમંત્રી ગેહલોતના ટેકેદાર ૧૨૧ ધારાસભ્યોને એક હોટલમાં નજરબંધ કરવામાં આવ્યા હતા કે ત્યાં તેઓને રાખવામાં આવ્યા હતા તે ધારાસભ્યોના પગાર ભથ્થા રોકી દેવા માટે એક અરજી કોર્ટમાં દાખલ થઈ છે જેમાં રાજસ્થાનમાં પ્રતિ ધારાસભ્યને વેતન ભથ્થા સહિત રૂપિયા ૨,૫૦,૦૦૦ મળે છે... અને તેમાં જો રેલવે, વિમાન પ્રવાસ, ફર્નિચર સહિતના અન્ય ખર્ચ ઉમેરવામાં આવે તો લગભગ ૩ લાખ થવા જાય છે.જે આમ પ્રજાના ખીસ્સામાં પૈસા છે... અને આ બાબતે દેશ ભરના લોકોમાં ભારે સવાલી ચર્ચાઓ ઉઠવા પામી છે... એક સમયે જે તે પક્ષ સેવા કરનારાઓને જ ઉમેદવાર તરીકે પસંદ કરતા હતા અને ચૂંટાયેલા સભ્યો કોઈપણ અપેક્ષા વગર એક પણ પાઈ લીધા વગર પોતાના વિસ્તારના પ્રશ્નો, રાજ્યના કે દેશના પ્રશ્નો, લોક પ્રશ્નો ઉકેલવા કાર્યરત રહેતા હતા. ત્યારે આજે કોઈપણ જાતના ટેક્સ વગરનો રાજકીય ક્ષેત્રને ધંધો બનાવી દેવામાં આવ્યો છે. જે લોકશાહી દેશ માટે કલંક તો છે જ... પરંતુ દેશના લોકોની કમ નસીબી પણ છે..કારણ કે કંઈપણ વિચાર્યા વગર આંખો મીંચીને મતદાન કરે છે.....! તો લોકોની ચર્ચામાં એ પણ બાબત હતી કે કોઈ પણ ચૂટાયેલા સભ્યને સામાન્ય પગારદાર જેમ જ દસ કે પંદર હજાર પગાર મળે અને બસ પ્રવાસ કે ટ્રેન પ્રવાસ કે હવાઈ પ્રવાસ માત્ર સભ્યને જ ફ્રી સેવા હોય તો દેશની મોંઘવારી, બેરોજગારી સહિતના અનેક લોક પ્રશ્નોની સમજ પડે..... બાકીતો ધારાસભ્યોને ભરપેટ મળે છે પછી આમ પ્રજાના પ્રશ્નોની ખબર ક્યાંથી હોય.....?!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૧૫-૮-૨૦૨૦, શનિવાર, શ્રાવણ વદ-૧૧, સ્વાતંત્ર્ય દિન
સૂર્યોદય-૬-૨૫, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૭-૧૩,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૮-૦૨ થી શુભ ૯-૩૮ સુધી ૧૨-૫૧ થી ચલ-લાભ-અમૃત ૧૭-૪૦ સુધી, ૧૦-૧૭ થી લાભ ૨૦-૪૦ સુધી ૨૨-૦૪ થી શુભ-અમૃત-ચલ ૨૬-૧૫ સુધી

**- શુભ હોરા-**

૭-૩૦ થી ૮-૩૪ સુધી, ૧૦-૪૩થી ૧૩-૫૫ સુધી ૧૪-૫૯ થી ૧૬-૦૪ સુધી ૧૮-૧૩ થી ૨૧-૦૮ સુધી

# જમ્મુ-કાશ્મીરના નૌગામમાં પોલીસ પાર્ટી પર હુમલોઃ બે પોલીસકર્મી શહિદ

શ્રીનગર,તા.૧૪

દેશમાં ૧૫મી ઑગસ્ટ એટલે કે સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલાં જ આતંકીઓએ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાબળોને નિશાન બનાવ્યા છે. શુક્રવાર સવારે શ્રીનગરના નૌગામ બાઈપાસ પર પોલીસ પાર્ટી પર હુમલો કરાયો. આતંકીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં બે પોલીસકર્મી શહીદ થઇ ગયા છે. આ હુમલો કયા આતંકીઓએ કર્યો અને તે કયા સંગઠનનો હતો તેને લઇ હજુ માહિતી આવવાની બાકી છે.

આપને જણાવી દઇએ કે છેલ્લાં કેટલાંક દિવસમાં આતંકીઓની તરફથી પોલીસ પાર્ટી અને સેનાના કાફલા પર હુમલામાં તેજી આવી છે. હજુ બે દિવસ પહેલાં જ બારામૂલાના સોપોરમાં એક સેનાની ટુકડી પર હુમલો કરાયો હતો જેમાં એક જવાન ઘાયલ થયો હતો.

આતંકીઓની તરફથી સેના-સીઆરપીએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસની પાર્ટી પર હુમલો કર્યો હતો. આતંકીઓની તરફથી સતત ગોળીબાર કરાયો ત્યારબાદ સુરક્ષાબળોએ પણ જવાબ આપ્યો. આ દરમ્યાન આતંકીઓ ભાગવામાં સફળ થયા હતા.

સુરક્ષાબળોની તરફથી સતત આતંકીઓને શોધી-શોધીને ઠેકાણે કરવામાં આવી રહ્યા છે. પાછલા દિવસોમાં પુલવામાં જિલ્લામાં સફરજનના બગીચામાં છુપાયેલા આતંકીઓની સાથે સુરક્ષાબળોની અથડામણ થઈ હતી. જેમાં આઝાદ અહમ લોન આતંકીને ઠાર કરાયો હતો. જો કે એક જવાન પણ શહીદ થયા હતા.

આતંકીઓની તરફથી સુરક્ષાબળો સિવાય સ્થાનિક લોકો અને નેતાઓને નિશાન પર લેવામાં આવી રહ્યા છે. એક મહિનાની અંદર ભાજપ સાથે જોડાયેલા નેતાઓની હત્યા કરાઇ ત્યારબાદ કેટલાંય નેતાઓએ પાર્ટી છોડી દીધા. જયારે હવે ઘાટીના વિસ્તારમાં નેતાઓની સુરક્ષાને પણ વધારાઇ છે.

જમ્મુ-કાશ્મીરના ડીજીપી દિલબાગ સિંહે ૩૦ જૂને જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૧૨૮ આંતકીઓને ઠાર કરવામાં આવ્યા છે. તેમાં ૭૦ મુઝાહિદ્દીન, ૨૦-૨૦ લશકર-એ-તોઈબા અને જૈશ-એ-મોહમ્મદના હતા. બાકીના આતંકીઓ અન્ય સંગઠનના હતા. ડીજીપીના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાનમાં આતંકીઓના લોન્ચપેડ સક્રિય છે. ત્યાંથી ભારતમાં સતત આંતકીઓ મોકલવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# ૧ સપ્ટેમ્બરથી સ્પાઈટ જેટ ભારત-બ્રિટન વચ્ચે ફલાઈટ શરુ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૪

હવે ભારતીયો અમેરિકા, બ્રિટન, કેનેડા અને યુએઈનો પ્રવાસ કરી શકશે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને આ જાણકારી આપી હતી. આ દેશોમાંથી લોકો ભારત પણ આવી શકશે. તેના માટે દરેક દેશ સાથે એર બબલ એગ્રીમેન્ટ કરવામા આવ્યા છે. પ્રવાસ માટે માન્ય પાસપોર્ટ જરૂરી રહેશે. મોટાભાગની ફલાઈટ સરકારી એરલાઈન્સ મતલબ કે નેશનલ કેરિયર ઓપરેટ કરશે. સ્પાઈસજેટને ભારતથી બ્રિટન વચ્ચે ફલાઈટ સેવા શરૂ કરવાની પરવાનગી મળી ગઈ છે. કંપની ૧ સપ્ટેમ્બરથી લંડનની ફલાઈટ શરૂ કરશે. સ્પાઈસજેટને લંડનના હિથ્રો એરપોર્ટ પર સ્લોટ મળ્યો છે.

યુરોપિયન યુનિયને મહામારી શરૂ થયા પછી ઈન્ટરનેશનલ ટ્રાવેલ માટે ગાઈડલાઈન્સ જાહેર કરી હતી. તે અંતર્ગત માત્ર જરૂરી વીઝા (એસેન્શિયલ વીઝા હોલ્ડર્સ)ને જ પ્રવાસની મંજૂરી આપવામા આવી હતી. સિવિલ એવિએશન મિનિસ્ટર હરદીપસિંહ પુરીએ અમુક દિવસો પહેલા કહ્યું હતું કે ભારત વધુમાં વધુ દેશો સાથે એર બબલ એગ્રીમેન્ટ કરવા માગે છે. તે અંગે ઘણા દેશો સાથે વાતચીત પણ ચાલી રહી છે. ભારતે માત્ર ખાસ વીઝા હોલ્ડર્સને જ દેશમાં આવવાની મંજૂરી આપી છે. મતલબ દરેક પ્રકારના વીઝા હોલ્ડર ભારત નહીં આવી શકે. એસેન્શિયલ વીઝા હોલ્ડર્સને ગૃહ મંત્રાલય મંજૂરી આપે છે.

શું છે એર બબલ એગ્રીમેન્ટ ?

આ કરાર અંતર્ગત બન્ને દેશના માન્ય વીઝા ધરાવતા પેસેન્જર બન્ને દેશમાં કોઇ પરેશાની વિના જઇ શકે છે. તેમાં મુખ્યત્વે સરકારી એરલાઈન્સમાં મુસાફરી કરનારા પેસેન્જર હોય છે. ઉદાહરણ તરીક જો કોઇ વ્યક્તિ કેનેડા જવા માગતી હોય તો પહેલી પ્રાથમિકતા એર ઈન્ડિયા અથવા એર કેનેડાને આપવી પડશે. આ કરાર અંતર્ગત વિદેશમાં વસતા ભારતીયો ભારત આવી શકે છે. એગ્રીમેન્ટમાં સામેલ દેશના નાગરિકો બિઝનેસ, મેડિકલ અથવા એમ્પ્લોય વીઝા પર ભારત આવી શકે છે.

## અમે છ વર્ષથી કોરોનાની વેક્સીન તૈયાર કરી રહ્યા હતાઃ રશિયા

મોસ્કો,તા.૧૪

કોરોનાની વેક્સીનને લઈને રશિયાએ દાવો કર્યો છે કે, તેઓ છ વર્ષથી કોરોનાની વેક્સીન તૈયાર કરવામાં લાગ્યા હતા. રશિયાના સોવરેન વેલ્થ ફંડ આરડીઆઈએફના પ્રમુખ કિરિલ દમિત્રિવે ગુરુવારે આ વાતનો ખુલાસો કર્યો છે.

તેમણે જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોથી અમે ઈબોલા, મર્સ અને સાર્સ વાયરસને લઈને વેક્સીન વિકસિત કરી રહ્યા હતા જે કોરોના પ્રજાતિના જ વાયરસ છે. કોવિડ-૧૯ અને મર્સમાં ઘણી સમાનતા છે અને અમે બે વર્ષથી મર્સની વેક્સીન બનાવી રહ્યા હતા. જેને કારણે અમે સૌથી પહેલા વેક્સીન બનાવવામાં સફળ રહ્યા છે.

દુનિયામાં હાલ મર્સની કોઈ વેક્સીન નથી. જ્યારે ઈબોલાની પ્રથમ વેક્સીનને ડિસેમ્બર ૨૦૧૯માં મંજૂરી મળી ગઈ છે. રશિયાની વેક્સીન નવેમ્બર - ડિસેમ્બરમાં બજારમાં આવી શકે છે. દમિત્રિવે જણાવ્યું છે કે, જેમને રશિયાની વેક્સીન પર વિશ્વાસ નથી તેઓ પોતાની વેક્સીન તૈયાર કરી શકે છે.



ધર્મનગરમાં ચાલી રહેલા કોરોના રોગચાળા વચ્ચે ત્રિપુરા સ્ટેટ રાઈફલ્સના સભ્યોએ ૭૪ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી માટે સંપૂર્ણ ડ્રેસ રિહર્સલ બાદ સેલ્ફી ક્લિક કરી હતી.



કોરોના વાઈરસની મહામારી વચ્ચે આવતી કાલે દિલ્હીના લાલ કિલ્લા ખાતે ભારતના ૭૪મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીની તૈયારીના ભાગરૂપે પ્રાસંગિક પરેડનું રિહર્સલ કરી રહેલી દિલ્હી પોલીસની મહિલાઓ.

## યુએનના વડાએ ઈઝરાયલ અને યુએઈ વચ્ચેના ઐતિહાસિક કરારને આવકાર્યો

યુનાઈટેડ નેશન્સ,તા.૧૪

સંયુક્ત રાષ્ટ્ર સંઘના સચિવ જનરલ એન્ટોનિયો ગુટરેસે ઈઝરાયેલ અને સંયુક્ત આરબ એમિરાટ્સ (યુએઈ) વચ્ચે સંપૂર્ણ રાજદ્વારી જોડાણ માટેના ઐતિહાસિક કરારને આવકાર્યો છે. આ કરાર ઈઝરાયલ અને પેલેસ્ટાઈનના નેતાઓને અર્થપૂર્ણ વાટાઘાટ તરફ દોરી જશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમજ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ તેમજ અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાનના સંયુક્ત નિવેદન દ્વારા ઈઝરાયલનું પશ્ચિમ છેડાના કબજા હેઠળના ભાગોને જોડવાની યોજનાને રદ કરાવાનું પગલું આવકાર્ય છે અને યુએન સેક્રેટરી જનરલ હંમેશા આ માટે તરફેણ કરતા રહ્યા હોવાનું યુએનના પ્રવક્તાએ જણાવ્યું હતું.

આ નિર્ણય યુએનના ઠરાવના સંલગ્ન છે અને અર્થપૂર્ણ છે. આ ઉપરાંત આંતરાષ્ટ્રિય કાયદા તેમજ દ્વીપક્ષી કરારોને સંબંધિત હોવાનું યુએનના સેક્રેટરી જનરલે એક નિવેદનમાં જણાવ્યું હતું. પ્રવર્તમાન કોરોના વાયરસ મહામારી વચ્ચે મધ્ય પૂર્વમાં શાંતિ માટેનો આ ઐતિહાસિક કરાર હિતાવહ છે. શાંતિ અને સ્થિરતા માટે ભવિષ્યમાં યુએસ સેક્રેટરી જનરલ તમામ પક્ષો સાથે વાટાઘાટ કરવા દરવાજા ખુલ્લા રાખશે તેમજ આ કરારથી અલગ પેલેસ્ટાઈન રાજ્ય અને દ્વી-રાજ્યની સંભાવના પર સમાધાન માટે પૂર્ણવિરામ મુકાશે. આ સાથે જ યુએઈ પ્રથમ અખાતી દેશ બન્યો તેમજ આરબ સમૂહનો ત્રીજો એવો દેશ બન્યો જેણે ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો વિકસાવવા પહેલ કરી હોય.

## રિલાયન્સના બિઝનેસ એમ્પાયર માટે ઉત્તરાધિકારી નક્કી કરવા

# વિવાદ ન થાય તે માટે મુકેશ અંબાણી ફેમિલી કાઉન્સિલ બનાવશે

મુંબઇ,તા.૧૪

દુનિયાના ચોથા સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણી એક ફેમિલી કાઉન્સિલ બનાવી રહ્યા છે. સુત્રોએ જણાવ્યું કે, આ એટલા માટે કરવામાં આવી રહ્યું છે કે જેથી રિલાયન્સના બિઝનેસ એમ્પાયર માટે ઉત્તરાધિકારી નક્કી કરી શકાય. આ કાઉન્સિલમાં પરિવારનાં તમામ સભ્યોને બરાબરનું પ્રતિનિધિત્વ મળશે, જેમાં નીતા અંબાણીના પુત્ર આકાશ અંબાણી, અનંત અંબાણી અને દીકરી ઈશા અંબાણી પણ સામેલ હશે.

આવનારા સમયમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કમાન મુકેશ અંબાણીના બાળકોનાં હાથમાં હશે. મામલાની જાણકારી રાખનાર એક શખ્સે જણાવ્યું કે, આવતાં વર્ષના અંત સુધીમાં મુકેશ અંબાણી પોતાના બિઝનેસ અમ્પાયરનો ઉત્તરાધિકારી નક્કી કરી લેશે. આ ફેમિલી કાઉન્સિલ બનાવવું પણ ઉત્તરાધિકારી નક્કી કરવાનો એક ભાગ છે. આ કાઉન્સિલમાં પરિવારનો એક એડલ્ટ, ૩ બાળકો અને એક બહારનો સભ્ય હશે જે મેન્ટર અને એડવાઈઝર તરીકે કામ કરશે, તે પણ સામેલ હશે.

આ કાઉન્સિલ રિલાયન્સમાં કોઈ પણ નિર્ણય લેવામાં મહત્વપુર્ણ ભૂમિકા ભજવશે. કાઉન્સિલ મારફતે પરિવારથી લઈ બિઝનેસ સાથે જોડાયેલાં મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવશે. આ કાઉન્સિલને બનાવવા પાછળ મુકેશ અંબાણીનો ઉદ્દેશ છે કે, પરિવારને રિલાયન્સની ૮૦ અરબ ડોલરની સંપત્તિને લઈ સાફ તસવીર દેખાઈ શકે અને આગળ જઈને વિભાજનમાં કોઈ વિવાદ ન થાય. મુકેશ અંબાણી અને અનિલ અંબાણી વચ્ચે જેટલો વિવાદ થયો હતો, તેને જોઈને જ મુકેશ અંબાણી હાલ ખુબ જ સતર્કતા દાખવી રહ્યા છે.

ધીરૂભાઈ અંબાણીના નેતૃત્વમાં ૮૦ અને ૯૦નો દાયકો રિલાયન્સ માટે ખુબ જ શાનદાર રહ્યો હતો, પણ ૨૦૦૨માં ધીરૂભાઈના મોત બાદ પરિસ્થિતિ બગડવા લાગી હતી. બંને ભાઈઓ વચ્ચે વિવાદ થઈ ગયો અને બિઝનેસની વહેચણી કરવામાં આવી હતી. અનિલ અંબાણીના ભાગમાં કોમ્યુનિકેશન, પાવર, કેપિટલનો બિઝનેસ તો મુકેશને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ મળી હતી.

## હવેથી ગડબડિયા અક્ષરે નહીં ચાલે

# 'પ્રિસ્ક્રીપ્શન મોટા કેપિટલ લેટર્સમાં જ લખોઃ ઓરિસ્સા હાઈકોર્ટનો ડૉક્ટરોને આદેશ

ભૂવનેશ્વર,તા.૧૪

ઓરિસા હાઈકોર્ટે ડૉક્ટરોને એવો આદેશ આપતો ચુકાદો આપ્યો હતો કે હવેથી ગડબડિયા અક્ષરે પ્રિસ્ક્રીપ્શન લખો તે નહીં ચાલે, કેપિટલ લેટર્સમાં પ્રિસ્ક્રીપ્શન લખવું પડશે. સૌ કોઇ જાણે છે કે ડૉક્ટરો દ્વારા લખવામાં આવતું પ્રિસ્ક્રીપ્શન કાં તો એનો કમ્પાઉન્ડર વાંચી શકે છે અથવા કેમિસ્ટ. પરંતુ હવે એવું નહીં ચાલે. કમ સે કમ ઓરિસામાં તો નહીં જ ચાલે.

જસ્ટિસ એસ કે પાણિગ્રહીએ પોતાના ચુકાદામાં કહ્યું હતું કે પેશન્ટો, પોલીસ, ફાર્માસિસ્ટ્સ, ફરિયાદી પક્ષ અને ન્યાયતંત્ર માટે પણ ગડબડિયા અક્ષરોમાં લખેલું પ્રિસ્ક્રીપ્શન સમસ્યા પેદા કરે છે. ડૉક્ટરોએ પ્રિસ્ક્રીપ્શન, ઓપીડી સ્લીપ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ સુવાચ્ય અક્ષરોમાં લખવાં જોઇએ. એક અરજદારે પોતાની પત્નીની બીમારીની સારવાર કરવા માટે જામીનની અરજી કરી હતી. આ અરજી સાથે ડૉક્ટરનો રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં બીમાર પત્નીની સારવાર માટે પ્રિસ્ક્રીપ્શન લખેલું હતું. જસ્ટિસ પાણિગ્રહીએ કહ્યું કે આ પ્રિસ્ક્રીપ્શનમાં શું લખેલું છે એ કંઇ સમજાતું નથી. આ પ્રકારના પ્રિસ્ક્રીપ્શન હવેથી ચાલશે નહીં. ડૉક્ટરોએ કેપિટલ લેટર્સમાં પ્રિસ્ક્રીપ્શન લખવાની ટેવ પાડવી પડશે. આ ચુકાદાનો ભંગ કરનાર ડૉક્ટર સામે કાયદેસર પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે આજના ડિજિટલ યુગમાં સ્પષ્ટ સુવાચ્ય પ્રિસ્ક્રીપ્શન લખવા માટે ઘણા વિકલ્પો હાથવગા છે. કોઇ પ્રકારના બહાના ચલાવી લેવામાં નહીં આવે હાઇકોર્ટે પોતાના ચુકાદામાં ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલની ૨૦૧૬માં સુધારાયેલી આચારસંહિતાનો ઉલ્લેખ પણ કર્યો હતો જેમાં તમામ ડૉક્ટરોને સુવાચ્ય અને મોટા અક્ષરે પ્રિસ્ક્રીપ્શન લખવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

જસ્ટિસ પાણિગ્રહીએ કહ્યું કે આજના ઈન્ટરનેટ અને ડિજિટલ યુગમાં વાંચી ન શકાય એવા અક્ષરે લખવામાં આવે એ એક પ્રકારનો ગુનો બને છે. ડૉક્ટરે શું લખ્યું છે એ જાણવાનો અને વાંચવાનો પેશન્ટના પરિવારને કાનૂની અધિકાર છે એ હકીકત યાદ રહેવી ઘટે છે.

# કોર્ટની અવમાનના મામલે પ્રશાંત ભૂષણ દોષિ જાહેરઃ ૨૦ ઓગસ્ટે સજા પર સુનાવણી

ન્યુ દિલ્હી,તા.૧૪

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણને સુપ્રીમ કોર્ટે અવમાનના દોષિત માન્યા છે. હવે તેમની સજા પર ૨૦મી ઑગસ્ટના રોજ ચર્ચા થશે. સુપ્રીમ કોર્ટે ન્યાયપાલિકાના પ્રત્યે કથિત રીતે બે અપમાનજનક ટ્વીટ કરવાના કેસમાં અધિવક્તા પ્રશાંત ભૂષણની વિરૂદ્ધ સ્વતઃ શરૂ કરાયેલ અવમાનની કાર્યવાહીમાં ભૂષણને અવમાનના દોષિત ગણ્યા છે. ન્યાયમૂર્તિ અરૂણ મિશ્રા, ન્યાયમૂર્તિ બી.આર.ગવઇ અને ન્યાયમૂર્તિ કૃષ્ણ મુરારીની બેન્ચે આ કેસમાં ભૂષણને દોષિત માન્યા.

સુપ્રીમ કોર્ટે પાંચ ઑગસ્ટના રોજ આ કેસમાં સુનવણી પૂરી કરતાં કહ્યું હતું કે તેના પર ચુકાદો બાદમાં સંભળાવાશે. આની પહેલાં અધિવક્તા પ્રશાંત ભૂષણે એ બે ટ્વીટનો બચાવ કર્યો હતો જેમાં તેમણે કોર્ટની અવમાનના કરી છે. તેમણે કહ્યું હતું કે એ ટ્વીટ ન્યાયાધીશોની વિરૂદ્ધ તેમના વ્યક્તિગત સ્તર પર આચરણને લઇ હતી અને તે ન્યાય પ્રશાસનમાં અડચણ ઉત્પન્ન કરતી નહોતી.

ઉલ્લેખનીય છે કે ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા એસએ બોબડે અને ચાર પૂર્વ સીજેઆઇને લઇ પ્રશાંત ભૂષણની તરફથી કરાયેલ બે અલગ-અલગ ટ્વીટસ પર સ્વતઃ સંજ્ઞાન લેતા સુપ્રીમ કોર્ટે તેમના વિરૂદ્ધ અવમાનનાની કાર્યવાહી શરૂ કરી હતી. સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણને નોટિસ મોકલી હતી. નોટિસના જવાબમાં વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે સીજેઆઇની આલોચના સુપ્રીમ કોર્ટની ગરિમાને ઓછી કરતું નથી. બાઇક પર સવાર સીજેઆઇ અંગે ટ્વીટ કોર્ટમાં સામાન્ય સુનવણી ના થવાને લઇ તેમની પીડાને દર્શાવે છે. આ સિવાય ચાર પૂર્વ સીજેઆઇને લઇ ટ્વીટની પાછળ મારો વિચાર છે જે ભલે અપ્રિય લાગે પરંતુ અવમાનના નથી.

# આઈટી સર્વે ફક્ત ટીડીએસ ડિરેક્ટોરેટ અને તપાસ વિભાગ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૪

સ્ક્રૂટિની અસેસમેન્ટ કરવા માટે કરવામાં આવતા આવકવેરાના સર્વે હવે ફક્ત ટીડીએસ ડિરેક્ટોરેટ અને તપાસ વિભાગ દ્વારા જ કરવામાં આવશે એવી માહિતી સીબીડીટીએ આપી હતી.

સીબીડીટીએ જાહેર કરેલા આદેશમાં જણાવાયું હતું કે આ કામ ગુરુવારથી જ શરૂ કરવામાં આવ્યું છે. ૧૩મી ઑગસ્ટથી સર્વે માટે મંજૂરી આપવા ડીજીઆઇટીના તપાસ અધિકારીઓ અને આઇટીના પ્રિન્સિપાલ કમિશનર/ ચીફ કમિશનર આઇટી(ટીડીએસ) જ સક્ષમ ઑથોરિટી ગણાશે.

ચહેરાવિહોણી કરપ્રણાલી તરફ આગળ વધવા માટે સીબીડીટી વ્યક્તિગત રીતે કરદાતા સાથે અધિકારીઓનો જેમ બને એમ ઓછો સંપર્ક ઇચ્છે છે. આવા સર્વે માટે મંજૂરી મેળવવા ચોક્કસ પુરાવાની જરૂર રહેશે અને એ વગર ઉપરોક્ત અધિકારીઓ સર્વે માટે મંજૂરી નહીં આપે અને મંજૂરી વગર કોઇપણ કરવેરા અધિકારી સર્વે નહીં કરી શકે. આ રીતે કરદાતાઓની સતામણી ઓછી થશે તથા વચેટિયાઓની પ્રવૃત્તિ પર અંકુશ મુકાશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ઓનલાઈન શિક્ષણ પદ્ધતિનું એનાલિસીસ.

આજે સાહિત્ય વિભાગ મા ગ્રુપ ના નિર્ણાયકોની રચનાઓ............

"મમ્મી......! બહુ માથું દુખે છે,આંખો ખેંચાઈ છે અને પીઠ પણ બહુ દુખે છે.ઓહ ગોડ.......!આટલા બધા કલાકો લેપટોપ સામે બેસવાનું અને પાછું ટીચરે શું ભણાવ્યું , કંઈજ સમજાયું નહીં.

(આ સંવાદ ૮-૯ ધોરણમાં ભણતા વિદ્યાર્થી અને એની મમ્મી વચ્ચેનો છે.)

"અવિર.....!! તને કેટલીવાર કહ્યું સીધો બેસ,અહીં મારી બાજુમાં બેસ. જો તને ટીચર બોલાવે છે.અરે! ઉપર સ્ક્રીન પર જો.ઓહો! અવિર ,તને કહ્યુંને હમણાં ગેમ નહીં રમવાની.હમણાં તો આપણા આ લેપટોપ પર સ્કૂલ ચાલુ છે ને,એટલે હમણાં સ્ટડી કરવાની અને પછી ગેમ રમવાની.ઓકે?"

"પણ મમ્મી મને ભૂખ લાગી છે." "અરે! હમણાં તો દૂધ નાસ્તો કર્યોને. એટલીવારમાં તને પાછી ભૂખ લાગી ગઈ?"

"અરે! ના ના મમ્મી સુસુ આવી છે.જાઉં?"

"ઓહ ગોડ! આ ઘરમાં બેસીને ઓનલાઈન સ્ટડી કરતાં તો છોકરાંઓ સ્કૂલમાં જઈને ભણે એજ સારું. ટીચર પાસે ભણે તો ખરાં. આ ઘરમાં તો છોકરાંઓ અમને મમ્મીઓને ગાંઠતાજ નથી." (આ સંવાદ મમ્મી અને એનો સિનિયર કે.જી.માં ભણતા દિકરા વચ્ચેનો છે. )

"જો વિરેન, હું નવમાં ધોરણમાં છું અને આજે મને મેથ્સનું ઈમ્પોર્ટન્ટ ચેપ્ટર ભણાવવાના છે.જો એ મિસ થશે તો મને નહીં ચાલે.એટલે આજે દસ થી બાર લેપટોપ પર હુંજ બેસીશ."

"સોરી સલોની,તું નવમાં ધોરણમાં છે તો કંઈ તારુંજ ભણવાનું ઈમ્પોર્ટન્ટ નથી. હું પણ સાતમાં ધોરણમાં છું અને મારે પણ આજે સાયન્સમાં ફીઝીક્સનું બહુ ઈમ્પોર્ટન્ટ ચેપ્ટર ભણવાનું છે.અને મને પણ એ મિસ થશે તો નહીં ચાલે.એટલે લેપટોપ પર તો હુંજ બેસીશ."

"અરે! સાંભળો છો સલોનીના પપ્પા? આ બંને છોકરાંઓને ઓનલાઈન ભણવાનો સમય એકજ છે. હવે બંનેને કઈ રીતે સાથે ભણાવવા? જો શક્ય હોય તો લોન લઈને બીજું લેપટોપ લેવાતું હોય તો લઈ લો ને......!"

"બોલી વળી,લોન લઈને બીજું લેપટોપ લઈ લો; ના ના પૈસા તે કંઈ ઝાડ પર ઊગે છે? અહીં મારા આટલા પગારમાં મહીનાના પચ્ચીસ દિવસ માંડ માંડ નીકળે છે.મહીનાના છેલ્લા પાંચ દિવસ હું કેવી રીતે કાઢું છું એ તો હુંજ જાણું.અને હજી આ પહેલા લેપટોપનાજ હપ્તા ભરાયા નથી,ત્યાં બીજું લેપટોપ વળી ક્યાંથી લઉં? અને હજી તો બંનેની સ્કૂલની ફી પણ ભરવાની છે.મારી જાત વેચી નાખીશને તો પણ તમારી માંગણીઓ તો ક્યારેય પૂરી નહીં થાય.એય! વિરેન અને સલોની, બેઉ જણાં કાન ખોલીને સાંભળી લ્યો.આ એક લેપટોપ પર ભણવું હોય તો ભણો. નહીં તો છોડી ધો ભણવાનું. અત્યારે આ લોકડાઉનના સમયમાં એક તો અડધો પગાર મળે છે.એટલે મારી પાસે બીજું લેપટોપ ખરીદવાના પૈસા નથી સમજ્યા."

(આ સંવાદ છે એક મદયમવર્ગીય પરિવારના સભ્યો વચ્ચેનો.)

(અને હવે છેલ્લો સંવાદ જોઈએ ,ઓનલાઈન ભણાવતા શિક્ષિકા અને એના પતિ વચ્ચેનો.)

સુમિત....! આજે તો તમારે જમવામાં ફક્ત દાળ ભાતથીજ ચલાવવું પડશે. કારણ સવારે આઠ થી ચાર તો મારી સ્કૂલજ છે વચ્ચે એક કલાકનો બ્રેક છે.એમાં હું ફક્ત રસોઈમાં દાળ ભાતજ બનાવી શકીશ. કારણ એ એક કલાકના બ્રેકમાં મારે આપણી સિમરનને પણ ઓનલાઈન પર એની ક્લાસ ટીચર સાથે પેરેન્ટસ મિટીંગ છે તે અટેન્ડ કરવાની છે.સાચું કહુંને તો આ ઓનલાઈન ભણતર એટલે એકદમ વર્સ્ટ સિસટમ છે. આટલા બધા કલાક કાનમાં ઈયરફોન લગાવીને બાળકોને ભણાવવું એટલું અઘરું છે.એના લીધે મારા કાનથી લઈને મગજની બધી નસોમાં દુખાવો થઈ આવ્યો છે.એક સાથે આટલા કલાક બેસીને પીઠ અને કમ્મરની તો જે હાલત થઈ ગઈ છે કે ન પૂછો વાત.મારી એક ફ્રેન્ડને તો રીતસરની ઓર્થોપેડીકની ટ્રીટમેન્ટ લેવી પડી.એમાંય પાછું દરેક વિષયના દરેક પાઠનું પ્રેઝન્ટેશન લખીને તો બનાવવાનું,પાછું બોલીને પણ અપલોડ કરવાનું.આટલા બાળકોનું અસાઈન્મેન્ટ ચેક કરવાનું.આટલું બધું કર્યા પછી પણ સામે બાળક કેટલું સમજ્યું,એ તો રામ જાણે.સ્કૂલમાં પ્રત્યક્ષ રીતે બાળકોને આમને સામને બેસીને ભણાવવાની તો મઝાજ કંઈ જુદી છે."

મિત્રો આ છે મારી નજરે કરેલું ઓનલાઈન શિક્ષણનું એનાલિસિસ.આ એનાલિસિસ મેં મારી આસપાસ રહેતા શિક્ષકો સાથે વાત કરીને તથા મારી આસપાસ રહેતા વિદ્યાર્થીઓને જોઈને જ કરેલું છે.

ઓનલાઈન શિક્ષણને લીધે બાળકનું ઘરની બહાર જવાનું ઓછું થઈ જાય છે. જેને લીધે એને જે સૂર્યપ્રકાશ મળવો જોઈએ તે નથી મળતો.બાળકના શરીરને જે ચાલવાની,દોડવાની,કૂદવાની,ઊઠબેસ કરવાની કસરતો જે અજાણતાજ મળે છે તે નથી મળતી.શાળાના ક્લાસરૂમમાં બીજા વિદ્યાર્થીઓ સાથે બેસીને ભણવાની,મસ્તી કરવાની,વાતો કરવાની,બે પિરીયડ વચ્ચેના સમયમાં શિક્ષક આવે ત્યાં સુધી જે ધીંગામસ્તી કરવાની,એકબીજા સાથે ટીફીન શેર કરવાની જે મઝા છે તે ઘરમાં બેસીને ભણવાથી નથી મળતી.શિક્ષકો સાથેના પ્રત્યક્ષ સહવાસથી વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે એક આત્મીયતાનો સેતુ સંધાય છે તે આ ઓનલાઈન શિક્ષણ પદ્ધતિમાં શક્ય નથી.આ રીતે ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ શિક્ષકોથી લઈને વિદ્યાર્થીઓ માટે માનસિક અને શારીરિક રીતે બોજારૂપ છે.જ્યારે એમના મા બાપ માટે આર્થિક બોજારૂપ બની જાય છે.તો મિત્રો, આ અને આવા બીજા અનેક પાંસાઓ છે જે ઓનલાઈન શિક્ષણ પદ્ધતિની હીમાયતી નથી કરતા. તમારું શું માનવું છે?

લેખિકા : આરતી મરચંટ

મુંબઈ : કાંદીવલી.

-----------------------------------------

---[8/14, 1:47 PM] Bombay Jigna. Narishakti Lekh: આઝાદી

દિવસે દિવસે ઉમ્મર વધતી જાય છે.તોતેરમું (૭૩)બેઠું મને,હવે હું કંઈ નાની સુની થોડી છું.જ્યારે નવી નવી હતી હું ગલીએ ગલીએ રગેરગમાં ગરમ ખૂનની જેમ વહેતી હતી. કેટલાય નેતાની હોડમાં હતી.બાપુ જેવા બાપુ પણ મને દાવ પર મૂકી ને શહીદ થઈ ગયા.લોકો પચાવી ગયા મને એક ખુરશીની લાઈ માં લાઈ જેવા થઈ ચોંટી ગયા.પ્રગતીના નામે શૂન્યને ,ભાઈચારાના નામે તો દંગા,

તિરંગાની આનસાન રહી ગઈ ગીતોને ગાયનોમાં,જેમતેમ પચ્ચીસની થઈ તો પાછો લોકોમાં મારી યુવાનીનો જોશને આકર્ષણ જાગ્યું થોડો સમય તો મને લાગ્યું સુષુપ્ત માનવી જાગૃત થઈ ગયો..પણ ભાઈ ભાઈ ગજબ ભયો

...ઉમાશંકર જોશી લખી ગયા...

તેં શું કર્યું?

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું?

દેશ જો બરબાદ થાતાં રહી ગયો, એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું?

'લાંચ રુશ્વત, ઢીલ, સત્તાદોર, મામામાશીના, કાળા બજારો, મોંઘવારીઃ ના સીમા!ક્ષ -

રોષથી સૌ દોષ ગોખ્યા, ગાળથી બીજાને પોંખ્યા.

આળ પોતાનેય શિર આવે ન, જો! તેં શું કર્યું?

આપબળ ખર્ચ્યું પૂરણ? જો, દેશના આ ભાગ્યમાં તેં શું ભર્યું?

સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે; સ્વાતંત્ર્યના ગઢકાંગરાઃ કરવત ગળે. ગાફેલ, થા હુંશિયાર! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે?

શી સ્વર્ગદુર્લભ મૃતિકાનો પુણ્યમય તુજ પિંડ છે.

હર એક હિંદી હિંદ છે,

હર એક હિંદી હિંદની છે જિંદગી.

હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદઃ

એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

(ઉમાશંકર જોશી)

સ્વતંત્રતા એ શબ્દનો અર્થ જાણવા માટે ક્યારેય શબ્દકોષ ન ઉથલાવતા. એ શબ્દનો સાચો અર્થ અનુભવકોષમાં પડ્યો છે : એ શબ્દ પણ નથી, એક લાગણી છે, જે અનુભવી શકે એ અનુભવી શકે; ન અનુભવી શકે એના માટે એ બારાખડીમાં આવતા કેટલાક સંકેતોથી વિશેષ કશુ જ નથી.

પચ્ચીસ વર્ષમાં તો લાંચ રિશ્વત ,સત્તાનો દોર મામા માશી કે ભાઈ બહેન દીકરીઓના હાથમાં ચાલ્યો ગયો.મહેલો બંધાયા ને લોકો ફરી ગુલામ બનવા લાગ્યા.હિન્દુ મુસ્લિમ શીખ ઇસાઈ ના વાડા પડ્યા ને સત્તાદારોના હાથમાં નબળી કડી આવી ગઈ.સત્તા ચાલતી ગઈ ને માનવ આંખે પાટા બાંધી લોકશાહીની માળા મને વરમાળાની જેમ પહેરાવતો ગયો.ખાઈ પડી અમીર વધુ અમીર ગરીબ વધુ ગરીબ...ને પચાસ વરસ પૂરા કરી ભારતમાતા અર્ધ શતાબ્દીના જસ્ન માં નાચવા લાગી.હું તેની પુત્રી આઝાદી પણ પાંચ દસકા પુરાની બની લોકોના હૈયામાંથી મારા ઉદભવનો આનંદ હવે ક્યાંય ન દેખાયો મને જન્મ આપનારા ભુલાયા.હવે તો મને ભોગવવારા જ રહ્યા ને બિચારી પ્રજા તે તો રહેંસાતી જ ગઈ. આમને આમ સ્વતંત્રતા ને ખાદી ની જગ્યા એ મેડ ઈન ચાઈના ને યુ.એસ.એ ના રાસડા લેવાના શરૂ થયા લોકો શુદ્ધ અનાજની જગ્યા એ ઝહેર ખાવા લાગ્યા છે.બાળકોને નિંબધ આપ્યો આઝાદી પછીના પચાસમા વરસનું ભારત શું લખવું બાળકોએ?પ્રશ્ન બની રહ્યો? મારી તો બધી જ માનસિકતા જ ધ્રુજી ગઈ છે.ધીરે ધીરે ચારે બાજુ થી ભીંસાતી હુ આશા કરતી થઈ કે ક્યાંક તો આ નેતાઓની વચ્ચે મને પ્રેમ કરનાર તો આવશે.તેના સુદર્શન ચક્રથી રક્ષણ કરવા.ક્યાક તો મારામાંથી જન્મેલા મારા પુત્ર ભારત નું નામ દેશ વિદેશમાં પ્રથમ લેવાશે.

સાંઈઠ મા એ મારા ગણતંત્ર દિવસ પર મને થોડી આશાના સંચાર મળ્યા..ગુજરાતમાં જાગેલા એક નેતાએ ભારતને લોકો સુધી પહોંચાડવાની ખેપ ભરી . દસ વરસ થી આ નેતાએ મારા પુત્ર ભારતને ટોચના સ્થાને પહોંચાડવાની જુંબેશ શરૂ કરી.મૂળમાંથી ભારતની સફાઈ શરૂ થઈ ને દસ વરસમાં વિકાસ આગળ વધ્યો છે.યુ.કે, યુ.એસ.એ ,યુટોપિયા,ઈજીપ્ત,બ્રાઝીલ પૃથ્વીના ખૂણે ખૂણે હવે ભારત નું નામ છે.

આજ મારા ૭૩માં જન્મ દિવસ પર એટલું જરૂર કહીશ કે ભારતના શહીદો ને મારા પ્રણામ અને શહીદોના સ્મારક વોર મેમોરિયલ બનાવનાર વડાપ્રધાન નરેન્દ્રમોદીને સલામ.કોરોના વોરિયરોને સલામ..

આજની મારી કવિતા...

વતંત્ર દિવસ
ચાલો ઉજવી લઈએ ,
ગુલામીનો દિવસ,
કાલે પાછો આઝાદીનો દિવસ,
તોંતેર વરસે કહેશું
સોનાનો દિવસ,
અમે આઝાદ ભારતીય
નમી લઈએ તિરંગાને-
આજનો દિવસ
પછી તો છેજ......
ભાજપન્ કોંગ્રેસ ,આપ,
જાત ને પાતના દિવસ,
વિતી જાશે એમ જ દિવસો
સામાન્ય માનવીના..,
દાળ ને ભાત,દૂધ ને દહી
શોધવામાં દિવસ........
પાછો એક દિવસ..,
સ્વતંત્રતાનો દિવસ

જયશ્રી પટેલ

૧૪/૮/૨૦૨૦

મારા તરફથી વિનંતી કે સંપ ત્યા જંપ ને હમેશાં યાદ રાખશો.હું ક્યારેય વૃદ્ધ નહિ દેખાઉ.મને એક દિવસ નહિ હંમેશ યાદ રાખશો.

આઝાદી

જયશ્રી પટેલ...૨૬/૧/૨૦૨૦

-----------------------------------------

રામજી

કેદારનાથમાં બધાં અલગ ટેન્ટમાં હતાં છતાં જાણે એવું લાગતું હતું કે બધાં પ્રવાસીમિત્રો એટલા નજીક છે કે એકનો શ્વાસ એ બીજાનો ઉચ્છવાસ! ગદ્દગદ્દ હૈયા અને અરસપરસ કરેલ વ્યવહારને કારણે શરમ અનુભવતાં સૌ અર્ધભાન અવસ્થામાં હતાં, ત્યાં "અલ્લા હો અકબર" નો ધીમો અવાજ સંભળાયો.

મહાદેવના સ્થાનમાં મુસ્લિમ? અવાજની દિશામાં આગળ વધતાં જતાં હતાં તેમ અવાજ મોટો થતો જતો હતો. પથરાયેલ ટેન્ટના છેવાડે આવ્યાં તો સમજાયું, આ તો શેરપા રામજીનો ટેન્ટ છે. નક્કી ત્યાં કોઈ ઘૂસી ગયું છે. સાગરે ટેન્ટ ભણી મક્કમ ડગલાં ભર્યાં.


તે થોડીવારમાં એક વ્યક્તિનો કોલર પકડી બહાર ઢસડી લાવ્યો. બધાનું દિલ જાણે પાંસળી તોડીને બહાર આવી ગયું! "રામજી? તું ગદ્દાર? અમને ગંધ સુધ્ધા ન આવી તારા ઈરાદાની! તું કોણ છે? અહીં કેમ આવ્યો છે?" સાગરનાં મજબુત હાથમાંથી છટકવું રામજી, સોરી એક ગદ્દારના માટે સહેલું તો હતું નહિ. લોહીની સરવાણી એક-બે જગ્યાએથી નીકળતી હતી એ જોતાં એટલું તો ચોક્કસ હતું કે સાગરે તેની સારી એવી ધોલધપાટ કરી છે.

"હું હુસેન. આઈ એસ આઈ એસ એજન્ટ. હા, અહીં તમને નુકશાન પહોંચાડવા, ડર પેદા કરવા અને અમારો ગઢ મજબુત કરવા આવ્યો હતો. શરુઆતમાં તમને બધાને અંદર-અંદર ઝગડતા જોઈને આનંદ અનુભવતો હતો કે મારો ઈરાદો પૂરો કરવામાં બહુ મહેનત નહીં કરવી પડે. અમારી સંસ્થાને હિન્દુ ધર્મસ્થાને એક સ્થાનક ઉભું કરવું છે જેથી કોઈને શક ન જાય. શેરપા બનીને મદદ કરવાના બહાને લોકોના મનની વાત જાણવાનો મારો હેતુ તો સિદ્ધ થયો. "પરંતુ તમને મદદ કરતા તમારી એટલો નજીક આવી ગયો છું કે હવે મને અલ્લાહ અને ઈશ્વર એક જ દેખાય છે. નુકશાન પહોંચાડવા આવ્યો હતો પણ તમને મદદ કર્યા પછી અગાધ આનંદ અનુભવું છું. હા, જીવતો પહોંચ્યો તો મારા બોસને જરુર કહીશ કે હિન્દુસ્તાનમાં સરહદે રક્ષા કરતાં ખડકાયેલાં જ સૈનિકો નથી પણ એનામાં વસતાં એકે એક નાગરિકના દિલમાં સાહસ, શાંતિ અને પ્રેમનો તિરંગો લહેરાય છે. તેમને કોઈ પણ ક્ષેત્રે હરાવવું અશક્ય છે. હું તમારો ગુનેગાર છું. મેં તમને છેતર્યાં છે. તમે જે સજા આપશો તે અલ્લાહની શેહશરમમાં માથે ચઢાવું છું."

બધાની સેવા કરતા આખી રાત જાગ્યો હતો તે આજ રામજી ઉર્ફે હુસેન છે? હજી તો બધાનાં વિચારોના મોજા અથડાઈને કિનારા પર આવે ત્યાં સનનનન કરતી બંદૂકની ગોળી આવી, હુસેનની છાતીને વીંધતી ક્યાંક ખોવાઈ ગઈ. હુસેનનું કાળજું વીંધાયું, તેનું શરીર પવિત્ર ધરતીને અડે તે પહેલા જીભનો છેલ્લો સળવળાટ "જય ભોલેનાથ". એક નાનો ધરતીકંપનો આંચકો અનુભવાયો, જાણે ભોલેનાથને ન ગમ્યું, "એક વાલીયા લૂંટારાને ઋષિ બનવાનો મોકો ન મળ્યો!" જોરદાર વરસાદની શરુઆત થઈ, રસ્તાઓ પર જોતજોતામાં નાના ઝરણાં વહેવા લાગ્યાં જાણે હુસેનનાં પ્રશ્ચાતાપના આંસુઓ તેના બદઈરાદાને ધોતાં હોય!

વંદના વાણી







(૧). આરતી મરચંટ.કાંદિવલી.મુંબઈ

(૨) જયશ્રી પટેલ

(૩) વંદના વાણી

# વિચાર વિમર્શ

## કૃષ્ણના અવતારનુ કારણ

સાવન માસ ના અધારી પક્ષ ની આઠમ નીરાત હતી. મેઘ રાજા મન મુકીને વરસી રહો હો. ચારેબાજુજળબંબાકાર હતું. યમુનાજી ચારે કાંઠે વહી રહી હતી. બહુ સુમસામ હતુ ત્યારે એક પુરુષ એક બાળક ને ટોપલ મા માથે લઈ ને ચાલ્યો જતો હતો. બાળક આ જગત મા આવે કલાકો પણ થયા ન હતા. પણ તે બાળક ના જીવન પર સમસ્ત જગતનુ કલ્યાણ અવલંબી રહયું હતું. તેના જન્મ ના રાહ ઘણા સમય થી સાધુ, સંતે, રુષીઓ, મહાત્મા ઓ દેવે જોઈ રહ્યા હતાં. ઘણા વરસો પહેલા ની વાત છે..પૃથ્વી પર ભયંકર કળીકાળ આવી રહ્યો છે. મનુષ્યોક્ષિણ બની ગયાં છે. તેમનામાં આત્મબ઼ળ નથી. અને મગજ મા શકતિ નથી. મોટા મોટા મહાપુરુષ જેવા રામ. નારદ, દેવષ્પૃિથુ દેખાતા નથી. પૃથ્વી પર શુનયવકાશ સર્જાયો છે. જે સમાજ ને સારા રસ્તે દોરે તેવુ કોઈ નથી પરમાત્મા માથી વિશ્વાસ ચાલ્યા જવા માંડયો છે. લોકો પોતાના સાથે માટે એકબીજા સાથે ઝગડી રહ્યા છે. મનુષ્ય માત્ર શિથિલ થતો ગયો છે

રાજા ઓગ મનમાની કરી રહ્યા છે. પોતે સરમુખત્યાર બની ગયા છે. પ્રજા ને લુટી રહયા છે. સામ્રાજય ને વધારવા માટે યુદ્ધ ખેડી રહ્યા છે. પ્રજા પર અસહ્ય ત્રાસ વર્તાવી રહયા છે. પ્રજા ત્રાસી ગઈ છે ચારેબાજુ અંધકાર છવાઈ ગયો છે. દરેક રાજા મા એકતાનું કોઈ નામ નથી. અંદર અંદર ઝગડી રહ્યા છે. પ્રજા મા કોઈ શારીરિક કે આઘયામીક શકતિ નથી. પ્રાચીન કમઁકાંડ આડંબર થી ભરપૂર છે. પુરાણા દશઁન કે ભક્તિ ભાવ બિલકુલ રહ્યો નથી. બહાર મનુષ્યઓ પોતાના લક્ષ્ય અને આપશો ને વળગી રહ્યા છે. પૃથ્વી પર નિરાશા ના વાદળો ઘેરાઇ ગયા છે. દેશ ની સકતે ીતિમત્તા મુકી દીધી છે. આવા સમયે મધરાતે એકજાજલયમાન પ્રકાશ નો આ જગત પર આવિષ્કાર થયો. તે સવઁ કાળ થી સ્થિર છે તે પર છે

તેનેજ કહયુ છે કે આ જગત મા ઘંડી. મ નાશ થતો હશે લાગુ સંતો ની રક્ષા માટે હું પૃથ્વી પર અવતરીશ.અને આજે ખુદ ભગવાન માણસ સ્વરુપે પ્રગટ થયા છે. તેનુ નામ કૃષ્ણ છે.

આ કૃષ્ણ નાનપણ થી અનિષ્ટ તત્વ નો નાશ કરે છે. સંહાર કરે છે. ધોડીયા મા હોય છે ત્યારે પુતના ના નાશ કરે છે. અને અનેક નો સંહાર કરીને ઘમઁની સ્થાપના કરે છે.તે પરમ તત્વ છે. જે માનવ સ્વરુપે લોકો ના દુખ દુર કરવા પ્રગટ થયા હતા. તે વિષ્ણુ ના અવતાર હતા. આજ પણ વિષ્ણુ કૃષ્ણ ના રુપ મા વધુ પુજાય છે. તેમની અનેક લીલા રુપાકતમ છે. તેમના દરેક કાયઁ ને સમજવું જોઈએ. કૃષ્ણ એ કર્યુ તે કરતાં તેમને કહેલું હોય તે કરવું જોઈએ. ગીતા નો ગાનાર સવઁવયાપી કૃષ્ણ આપણા સૌના હદય મા વશે છે

જય શ્રી કૃષ્ણ

ભરત દવે

### કોરોનાને લઈને અન્ય કાર્યક્રમો મોકૂફ,મુખ્યમંત્રી હાજર રહેશે

# ગાંધીનગર ખાતે આજે રાજ્યકક્ષાના ૭૪માં સ્વતંત્ર પર્વની ઉજવણી

ગાંધીનગર,તા.૧૪

દુનિયામાં હાલ કોરોના વાયરસની મહામારીનું સંકટ જોવા મળી રહ્યું છે. ત્યારે કોરોનાને લઈને દેશમાં અનેક રીતે સાવચેતીના પગલા ભરવામાં આવી રહ્યાં છે. દેશમાં આવતી કાલે ૭૪માં સ્વતંત્ર પર્વની ઉજવણીની તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે રાજયકક્ષાની ઉજવણીને લઈને ગાંધીનગર ખાતે તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં રાજયકક્ષાના સ્વતંત્ર પર્વની ઉજવણી ગાંધીનગરમાં કરવામાં આવશે. ત્યારે રાજ્યના પાટનગરમાં ૭૪માં સ્વતંત્ર પર્વની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે.

ગાંધીનગરના સેક્ટર ૧૧ના વિસ્ટાગાર્ડન ખાતે તૈયારીઓ ચાલી રહી છે. આવતીકાલે પાટનગરમાં ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે રાજયમાં કોરોનાના વધતા કહેરને લઈને અન્ય કાર્યક્રમો મોકૂફ રાખવામાં આવ્યાં છે. આ વખતે ૧૫મી ઓગસ્ટ સ્વતંત્ર પર્વની ઉજવણી સાદાઈથી કરવામાં આવશે. ગાંધીનગરમાં રાજયકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ યોજાવાનો છે. જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી હાજરી આપવાના છે.

# વીરતા પુરસ્કારની યાદીમાં ગુજરાતના ૧૯ પોલીસકર્મીને અપાશે પુરસ્કાર

)ગાંધીનગર,તા.૧૪

વીરતા અને સર્વિસ પુરસ્કારોની જાહેરાત થઈ છે. ગેલેન્ટરી એવોર્ડસની ગૃહ મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવે છે, જે સ્વતંત્રતા દિવસ પ્રસંગે આપવામાં આવે છે. ત્યારે ગુજરાત પોલીસને ૧૯ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. સ્વતંત્ર્ય દિવસે ગુજરાતના ૨ પોલીસ અધિકારીઓને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એનાયત થશે. તો ૧૭ પોલીસ અધિકારીઓને પોલીસ મેડલ એનાયત થશે. ગુજરાત પોલીસના ડૉ. નીરજા ગોટરૂ અને નિલેશ વઘાસિયાને રાષ્ટ્રપતિ પોલીસ મેડલથી સન્માનિત કરાશે. ગેલેન્ટરી એવોર્ડના લિસ્ટમાં પહેલ નંબર પર જમ્મુ-કાશ્મીર પોલીસ છે. જેને ૮૧ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. બીજા નંબર પર ૫૫ મેડલ સાથે સીઆરપીએફ અને ત્રીજા નંબર પર ૨૩ મેડલ ઉત્તર પ્રદેશ પોલીસ ટોપમાં છે. ગૃહ મંત્રાલય દ્વારા ગેલેન્ટરી અને સર્વિસ એવોર્ડનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સુભાષચંદ્ર ત્રિવેદી (અમદાવાદના આસિ. કમિશનર), વીરભદ્રસિંહ જાડેજા (વાપી), જિગ્નેશકુમાર ચાવડા (જામનગર), શંકરભાઈ ચૌધરી (ડેપ્યુટી સુપરીટેન્ડન્ટ ઓફ પોલીસ, ગાઁધીનગર), આશુતોષ પરમાર (એસીબી ગાંધીનગર), લાલસિંહ રાઠોડ (એસઆરપીએફ, સેજપુર), રમેશ ધનખારા (એસઆરપીએફ), પંકજકુમાર સંઘાણી (ગાંધીનગર), સંજય કનોજીયા (ગાંધીનગર), દીપસિંહ પટેલ (સુરત), ભાનુભાઈ ભરવાડ (મહેસાણા), ભારત મુંગારા (જામનગર), સુરેશ નાયર (અમદાવાદ), ધીરજ પરમાર (અમદાવાદ), સુરેશભાઈ પટેલ (સુરત), સુરેશભાઈ વણઝારા (ભરૂચ), રવિન્દ્ર ઘોડે (સુરત)

ગૃહ મંત્રાલય દ્વારા જે લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે, તેમાં આંધ્રપ્રદેશ પોલીસને ૧૬, અરુણચાલ પોલીસને ૪, આસામ પોલીસને ૨૧, છત્તીસગઢ પોલીસને ૧૪, ગોવા પોલીસને ૧, ગુજરાત પોલીસને ૧૯, હરિયાણા પોલીસને ૧૨, હિમાચલ પ્રદેશ પોલીસને ૪, ઝારખંડ પોલીસને ૨૪, કર્ણાટક પોલીસને ૧૮ ગેલેન્ટરી અને સર્વિસ એવોર્ડ મળ્યાં છે.

પોલીસ અધિકારીઓને અભિનંદન આપતા ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટર પર લખ્યું કે, ન્યાય આપવા માટે સંપૂર્ણ અને વિસ્તૃત તપાસની ભૂમિકા મહત્વની છે. હું મેડલ ફોર એક્સિલન્સ ઈન ઈન્વેસ્ટીગેશન ૨૦૨૦થી સન્માનિત થનારા લોકોને અભિનંદન પાઠવું છું. આ આપણા એ અધિકારીઓનું સન્માન છે, જે શાનદાર કામ કરે છે. ભારતને તેમના પર ગર્વ છે.

# ગુજરાત યુનિ.ની ઓફલાઈન પરીક્ષાઃ ઓનલાઈન પરીક્ષા માટે માત્ર ૧૦૦૦ જ રજીસ્ટ્રેશન

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારીના કહેર વચ્ચે રાજયમાં શૈક્ષણિક કાર્યમાં સૌથી વધુ અસર જોવા મળી રહી છે. હાલ કોરોનાને લઈને સ્કૂલ-કોલેજો બંધ રાખવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટીની ઓફલાઈન પરીક્ષા બે વાર મોકૂફ રાખ્યા બાદ ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે હજી સુધી માત્ર ૧૦૦૦ વિદ્યાર્થીઓએ જ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીની ઓફલાઈન પહેલા ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરાયું છે. ઓફલાઈન પરીક્ષા બે વખત મોકૂફ રાખ્યા બાદ હવે નવું આયોજન કરાયું છે. ત્યારે ઓનલાઈન પરીક્ષા માટે ૧૬ ઓગસ્ટ પહેલા વિદ્યાર્થીઓ ફોર્મેટ નક્કી કરશે. ઓનલાઈન પરીક્ષા માટે ૧ હજાર જ રજિસ્ટ્રેશન કરાશે. જેમાં જે વિદ્યાર્થી પહેલા રજીસ્ટ્રેશન કરશે તેમને પહેલા પરીક્ષા યોજાશે. સપ્ટેમ્બર મહિનામાં ગુજરાત યુનિવર્સિટીની ઓફલાઈન પરીક્ષા યોજવાનું આયોજન છે. શિક્ષણ વિભાગે યુનિવર્સિટીઓને પરીક્ષા યોજવા સૂચના આપી હતી. યુનિવર્સિટીઓમાં પરીક્ષા મોકૂફ રાખ્યા બાદ શિક્ષણ વિભાગે પરીપત્ર જાહેર કર્યો હતો.

# મોડાસામાં જિલ્લા સહકારી સંઘ દ્વારા બાયડ એપીએમસીના સતત બીજીવાર ચૂંટાયેલા ચેરમેનનું સન્માન કરાયું



મોટી ઈસરોલ, ત.૧૪

આજરોજ મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા સહકારી સંઘની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.જેમાં ગુજરાત સ્ટેટ એગ્રીકલચર માર્કેટિંગ બોર્ડ ગાંધીનગરના ડિરેક્ટર અને જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર બાબુભાઈ એમ.પટેલ(બાયડ) સતત બીજીવાર બાયડ એપીએમસીના ચેરમેન પદે ચૂંટાઈ આવતા આજે અરવલ્લી જિલ્લા સહકારી સંઘની મળેલી આ બેઠકમાં તેમને અભિનંદન પાઠવીને તેમનું ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ સહિત બોર્ડના ડિરેક્ટરો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે વાઈસ ચેરમેન ભીખાજી ડામોર, માનદમંત્રી જગદીશભાઈ પટેલ,ડિરેકટર શામળભાઈ પટેલ,રાજેન્દ્રસિંહ ભાટી,પંકજભાઈ એન. પટેલ,વિનોદભાઈ શાહ, ગુલાબચંદ પટેલ,રાજેન્દ્રકુમાર જે.પટેલ,હસમુખભાઈ પટેલ, વગેરેએ તેમનું સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ બેઠકનું સંચાલન એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ કર્યું હતું.

## ગાંધીનગરને સુવિધા સહિત દિવ્ય અને ભવ્ય બનાવવામાં કોઈ કસર છોડાશે નહીઃ મેયરશ્રી

# સ્વતંત્રતા પર્વે કેસરિયો લહેરાવવા સાથે મેયરશ્રી પરંપરા પ્રમાણે નવા વિકાસ કામોની કરશે જાહેરાત

**મહાપાલિકા કક્ષાનો કાર્યક્રમ પ્રથમવાર ન્યૂ ગાંધીનગરમાં યોજવાનો નિર્ણય કરાયો,મેયરશ્રીની ગ્રાન્ટમાંથી તૈયાર કરાયેલી સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ કરાશે**

ગાંધીનગરઃ

આગામી ૧૫મી ઓગસ્ટ, દેશનો ૭૪મો સ્વતંત્રતા પર્વ ગાંધીનગર માટે વિશેષ બની રહેશે. શહેરમાં ભેળવવામાં આવેલા નવા વિસ્તારમાં પ્રથમવાર મહાપાલિકા કક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે સરદાર ચોક, કુડાસણ, ગાંધીનગર ખાતે કરાશે. તેમાં મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા રાષ્ટ્ર ધ્વજને સલામી આપવાની સાથે ન્યૂ ગાંધીનગર સહિત વિસ્તારો માટે નવા વિકાસ કામોની જાહેરાત કરાશે. મેયરશ્રીએ જણાવ્યું કે શ્રેષ્ઠ નાગરિક સુવિધાઓ સહિત ગાંધીનગરને દિવ્ય અને ભવ્ય બનાવવાની નેમ સાથે તેમની ટીમને કાર્યરત કરવામાં આવી છે. હાલના શહેરના જેવી તમામ સુવિધાઓ નવા મહાપાલિકા વિસ્તારમાં ઉભી કરવા માટે અને સમગ્ર મહાપાલિકા વિસ્તારમાં માળખાકીય સુવિધાઓને સુદઢ કરવા માટે કોઈ કસર છોડાશે નહીં.

દેશને અખંડ કરવા માટે લોખંડી પુરુષ અને સરદાર સાહેબનું બિરૂદ પામેલા શ્રી વલ્લભભાઈ પટેલની પ્રતિમા મેયરશ્રીની ગ્રાન્ટમાંથી તૈયાર કરવામાં આવી છે અને કુડાસણના સરદાર ચોકમાં સ્થાપિત કરવામાં આવી છે. તેનું અનાવરણ પણ મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે કરવામાં આવનાર છે.

મેયરશ્રીએ જણાવ્યું કે ૭૪માં સ્વતંત્રતા પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી પણ આ વખતે ગાંધીનગરમાં કરવામાં આવનાર છે. શનિવારે સવારે ૯ કલાકે સ્વર્ણિમ પાર્કમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં થનાર હોવાથી રાષ્ટ્રીય પર્વની ઉજવણી મુદ્દે સોનામાં સુગંધ ઉમેરાવાની છે. રાજ્ય કક્ષાની ઉજવણીના કાર્યક્રમ બાદ મહાપાલિકા દ્વારા કુડાસણમાં સાંસકૃત્તિક કાર્યક્રમો સાથે ધ્વજવંદન સમારોહ યોજવામાં આવશે. જ્યાં સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ડેપ્યુટી મેયરશ્રી, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી, કોર્પોરેટરશ્રીઓ, ૧૮ ગામના સરપંચશ્રીઓ અને ગ્રામ આગેવાનો ઉપસ્થિત રહેવાના છે. સાથે જ મહાપાલિકાના અધિકારી, કર્મચારીઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે.

# સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત ટીમ એજ્યુકેશન દ્વારા પાલનપુર ઉમિયા વિધા સંકુલમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના વૈશ્વિક મહામારીના સંકટમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓને સરળતાથી બ્લડ મળી રહે તેવા હેતુસર અને ૧૫ મી ઓગષ્ટ-૨૦૨૦ સ્વાતંત્ર્ય દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી અંતર્ગત બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને ટીમ એજ્યુકેશન તથા બનાસકાંઠા જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંગઠનોના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે ગણેશપુરા વિસ્તારમાં આવેલ ઉમિયા વિધાલય સંકુલમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ બ્લડ ડોનેશન કેમ્પમાં સારી સંખ્યામાં શિક્ષકોએ બ્લડ ડોનેટ કર્યુ હતું.

પાલનપુર અને વડગામ તાલુકાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પરિવાર દ્વારા યોજાયેલ આ બ્લડ ડોનેશન કેમ્પમાં બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી લક્ષ્મીબેન કરેણ, બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. એન. બી. ચાવડા, બનાસકાંઠા જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી જે. પી. પ્રજાપતિ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને ઉમિયા વિધાસંકુલના પ્રમુખશ્રી ગિરીશભાઈ જગાણીયા, નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી મુકેશભાઈ ચાવડા, શ્રીમતી અનિષાબેન પ્રજાપતિ સહિત શિક્ષણ સાથે જોડાયેલા સારસ્વત મિત્રો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# દાંતીવાડા ડેમમાં ૯ ફૂટ અને સીપુ ડેમમાં ૩ ફૂટ નવા પાણીની આવક થતાં સ્થાનિક ખેડૂતોમાં ખુશી પ્રસરી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દાંતીવાડા તાલુકામાં ગત રાત્રિ દરમિયાન તાલુકામાં અને ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડવાથી દાંતીવાડા અને સીપુ બંને ડેમમાં નવા પાણીની આવક શરૂ થઇ છે. તાલુકામાં ચોવીસ કલાકમાં ૧૦૦ એમ.એમ વરસાદ નોધવાં પામ્યો છે.ગત મોડી રાતથી ઉપરવાસમાં ધોધમાર વરસાદ શરૂ થતાં કોરી પડેલી બનાસ નદીમાં પાણીની આવક થઇ છે. દાંતીવાડા અને સીપુ બંને ડેમમાં નવા પાણીની આવક શરૂ થઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં દાંતીવાડ ડેમમાં ૯ ફૂટ અને સીપુ ડેમમાં ૩ ફૂટ પાણીની આવક થવા પામી છે દિવસના ૨ વાગ્યાના સમય દરમિયાન નવા પાણીનો આવકનો ફલો દાંતીવાડ ડેમમાં ૧૫૬૦ ફૂટ જ્યારે સીપુ ડેમમાં ૧૭૬ ક્યુસેક નોધવામાં આવ્યો છે. દાંતીવાડા તાલુકાના અડધાથી વધુ ગામોમાં ખેતી સિંચાઇના પાણીની ખુબજ મુશ્કેલી પેદા થતી અને તાલુકાના ઓઢવા તેમજ આજુબાજુના ગામોમાં ખેડૂતો પોતાના પશુઓને પીવડાવવા પાણી પણ ટેક્રર મારફતે લાવી રહ્યા હતા ત્યારે આવી મુશ્કેલીનો સામનો કરતા ખેડૂતો તેમજ તેમના પરિવારોમાં નવા પાણીને લઈને ખુબજ ખુશીનો માહોલ જોવા મળ્યો છે. અને હવે સારો વરસાદ થતાં તાલુકાના સીપુ અને દાંતીવાડ બંને ડેમ ભરાવવાની આશા બંધાઈ છે.




**માસ્ક ન પહેરવાનો દંડ ૧૦૦૦ હોય તો સરકાર વેન્ટિલેટર, ઈન્જેક્શન, ઑક્સીમિતર, બેડ ની સુવિધાઓ ના હોય તો સરકાર સામે આમ આદમી એક લાખ રૂપિયા દંડ કરી શકે .. આમ આદમી પાર્ટી ઈચ્છે છે કે સરકાર દ્વાર મોટા દંડ વસૂલવામાં આવે છે તેના સામે હોસ્પિટલો મા સુવિધાઓ નો અભાવ છે અને મૃત્યુ દર વધતો જાય છે , પ્રજા ના ભાગ માં હમેશા મસમોટા દંડ ભરવા પડે છે, છેલ્લા પાંચ મહિના થી લોકો પાસે ધંધા નથી અને એમાં આ દંડ પ્રજા ને હેરાન કરે છે..માટે આપ પાર્ટી તેનો વિરોધ કરે છે.. આજે આ માટે કલેકટર અને એસ પી સાહેબ ને આવેદન આપવામાં આવ્યું હતું જેમાં પ્રભારી શ્રી યોગેશભાઈ પોકાર, પ્રમુખ શ્રી દતેશ ભાઈ ભાવસાર, રોહિત ગોર, ગિરિરાજસિંહ જાડેજા, લાલા ભાઈ ઠાકોર, જયદીપસિંહ જાડેજા, મનોજભાઈ, અનિલભાઈ, સુનિલભાઈ વગેરે કાર્યકર્તા જોડાયા હતા.(.ગિરિરાજસિંહ જાડેજા,)**

# પાલનપુર ખાતે જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

(માહિતી બ્યુરો, પાલનપુર)

પાલનપુર મુકામે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લાકક્ષાના ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી સંદીપ સાગલેના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. કોવિડ-૧૯ની ગાઈડલાઈન સાથે ગરિમાપૂર્ણ રીતે આ રાષ્ટ્રીસય મહાપર્વની ઉજવણી કરવામાં આવશે.

સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન, પોલીસ પરેડનું નિરીક્ષણ, હર્ષ ધ્વની, વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, રાષ્ટ્રજ ગાન સહિત કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમના સમાપન બાદ કલેકટરશ્રી અને ઉચ્ચ અધિકારીશ્રીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવશે.

નામ : સાગરભાઈ જાની
મંત્રી - બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપ
ચેરમેન - નવસર્જન ફાઉન્ડેશન,પાલનપુર
સંચાલક - પરફેક્ટ પાલનપુરી(એજ્યુકેશન હબ)





# માણાવદર નગરપાલિકાની સામાન્ય સભામાં બે મુદ્દાનો વિરોધ

માણાવદર નગરપાલિકામાં આજે યોજાયેલી સામાન્ય સભામાં ૧૧ સદસ્યોએ રાધા માધવ બાંધકામ મજુર સહકારી મંડળી મારફત કરાયેલી કામગીરી અને માણસો પુરા પાડવાના કોન્ટ્રાક્ટ બાબતે ગંભીર આક્ષેપ સાથે વિરોધ વ્યકત કર્યો હતો .માણાવદર પાલિકા ની આજે જનરલ બોર્ડ ની બેઠક મળી હતી જેમાં ભાજપના ૨૭ તથા અપક્ષ ના એક હતા જેમાં જનરલ બૉર્ડ બેઠક ના એજન્ડા નં ચાર માં રાધા માધવ બાંધકામ મજુર સહકારી મંડળી મારફત કરાવવામાં આવેલી કામગીરી માટેની ચર્ચા વિચારણા કરવાની હતી તેમાં અપક્ષ ના એક સભ્ય સહિત ભાજપના દશ સભ્યોએ અસહમતી દર્શાવી આ મુદ્દો વિડ્રો કરવાની લેખિત માંગ કરી જણાવ્યું કે આ મુદ્દા અંગેની કોઇ માહિતી મળી નથી અને મુદ્દા નં પાંચ માં વિવિધ વિભાગોની કામગીરી માટે મેન પાવર સપ્લાય કરવા અંગેના વાર્ષિક કોન્ટ્રાક્ટ માટે કાર્યવાહી ની ચર્ચા વિચારણા માં પણ આ એજન્ડા અંગે માહિતી આપવામાં આવી નહોતી તેથી વિડ્રો કરવા જણાવેલ હતું જેથી બન્ને વિવાદાસ્પદ મુદ્દાને બેઠકમાં લીધા તેની માહિતી કેમ ન આપી ? તેવા સવાલ ઉઠાવીને આ બન્ને મુદ્દામાં નિયામક દ્વારા તટસ્થ તપાસ કરવાની માંગ કરાઈ છે.

રીપૉર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર





સ્વતંત્રતા દિવસ નિમિત્તે દેશવાસીઓ ને શુભકામના
જાગૃતિબહેન. વી .મહેતા
મહિલા મોરચા પાલનપુર શહેર પ્રમુખ




સ્વતંત્રતા દિન નિમિત્તે દેશ વાસીઓ ને શુભકામના :-
મનોજ . કે .ઉપાધ્યાય
એડવોકેટ :- ગુજરાત હાઈકોર્ટે
ચેરમેન :- પરિવર્તન ગ્રુપ





Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.